**સેશન્સ કેસ નંબરઃ– ૫૨/૨૦૧૮**
**આંક –૯૨**

| સેશન્સ કેસ નંબરઃ– ૫૨/૨૦૧૮ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | 11 | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | યુવરાજસિંહ નંદુભા વાઘેલા | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9898959574 |
| ઉંમર આશરે | ૨૮ | વરસની | ધંધો | ખેતી |
| રહેવાનુ | સદુભા પાર્ટી,થરા તા.કાંકરેજ | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | એસ.કે.જોષી. |

(૧) હું થરા મુકામે ખેતી તથા પશુપાલનનો ધંધો કરુ છું. અમે બે ભાઈઓ છીએ.

(૨) બનાવ કેટલા સમય પહેલા બનેલો તેની મને ખબર નથી. બનાવમાં શુ બનેલુ તેની મને ખબર નથી. બનાવ સબંધે મને વાતોવાતથી કંઈ જાણવા મળેલ નહી. હું વિપુલસિંહ તથા કોશલ્યાબાને ઓળખુ છું. આ લોકોને ઈજાઓ થયેલ હોય અને તેઓને હું દવાખાને લઈ ગયેલ હોય તેવુ બનેલ નથી. બનાવ સબંધે પોલીસે મારી કરેલ હોય તેવુ બનેલ નથી.

બનાવ સમયે આરોપીઓના હાથમાં મે કોઈ હથિયાર જોયેલ નહી તેથી બતાવવામાં આવે તો ઓળખી શકુ નહી.

**આ તબકકે વિ.એ.જી.પી.શ્રી એ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેમની વિગતવારની ઉલટ તપાસ કરવા પરવાનગી આપવા વિનંતી કરતાં, સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવે છે.**

સાહેદની સહી.............................

મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત જણાવેલી છે કે તા.૧૪/૧૨/૧૭ના રોજ વિધાન સભાની ચુંટણી હોય હું સાંજના સાડા પાંચ વાગ્યાના સુમારે અમારા મહોલ્લામાં આવેલ સ્કુલ આગળ હાજર હતો તે વખતે મને જાણવા મળ્યુ કે અમારા કુટુંબી વિપુલસિંહ તેમના પત્ની તેમના કુટુંબી બહેન કોશલ્યાબા ત્રણેય જણા તેમની મો.સા. ખેતરે જતા હતા તે સમયે રસ્તા ઉપર કિર્તીસિંહ ધારશીંહજી ઠાકોર તેમના કુટુંબીજનો મળી એક ગાડીમાં તેમની પાછળથી આવી તેમની મો.સા.ને ઘસડાઈ ઓવરટેક કરતા વિપુલસિંહે ઠપકો આપતા તમામ જણાઓ ઉશકેરાઈ ગયેલા અને ગાળો બોલવા લાગેલા તેઓને ગાળો બોલવાની ના પાડતા તમામ જણાઓ તેમના ઉપર ઉશ્કેરાઈ જઈ માર મારે છે તેવા સમાચાર મળતા હું તરત જ દિયોદર ત્રણ રસ્તા ગયેલો જઈને જોયુ તો સદાજી દજાજી ઠાકોરના હાથમાં ધારીયુ હતુ  તથા કિર્તીજી ધારશીજી ઠાકોરના હાથમાં લાકડી તથા ધારશીજી દજાજી પાસે લાકડી હતી. કૌશલ્યાબા તથા ગીતાબા તથા યુવરાજસિંહ તથા ક્રિષ્નાપાલસિંહનાઓને માર મારેલ તે વખતે પ્રવિણસિંહ વનરાજસિંહ તથા કાનુભા હિંરૂભા વાઘેલા તથા લાલભા વનરાજસિંહ ઝાલા તથા મનુભા રઘુભા વાઘેલા તથા ગુણવંતસિંહ રઘુભા વાઘેલા  એ રીતે આવી જતા વચ્ચે પડી છોડાવેલ. આ ઝઘડામાં ગીતામાં બંન્ને હાથો ઉપર તથા કૌશલ્યાબાના બંન્ને હાથ ઉપર તથા યુવરાજસિંહ હરપાલસિંહ ઝાલાના માથામાં તથા ક્રિષ્નાપાલસિંહ ઈન્દુભા વાઘેલાની જમણા હાથની આંગળી ઉપર વાગેલ હતુ. અમે બધા છોડાવી દવાખાને લઈ ગયેલા. એ વાત ખરી નથી કે આરોપીને બચાવવા સોગંધ પર ખોટી જુબાની આપુ છું.

**સરતપાસ પુરી.**

**<u>આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી.વી.પી.વાઘેલા તથા એન.એ.સોલંકી..</u>**

(૩) ઉલટતપાસ નથી.

સાહેદની સહી.............................

**વિશેષ ઉલટતપાસ નથી,**

**ફેર ઉલટતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

..........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૩૦/૦૭/૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>છઠ્ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી.............................